सत्यमेव जयते

**<u>ભેસાણના મહેરબાન જ્યુડી. મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામ–ભેસાણ.</u>**

ક્રિ. કે. નં.૮૦/૨૦૨૬
આંક: –

**ફરિયાદી** – શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** – હુશેન કાળુભાઈ પબડા,
ઉ.વ.૪૦, ધંધો–મજુરી,
રહે.ભેસાણ,જીન પ્લોટ,
તા.ભેસાણ,જી.જુનાગઢ.

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) અન્વયેનો**

# –:ચુકાદો:–

**(૦૧)** ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપી એ તા.૨૮/૧૦/૨૦૨૫ ના આશરે કલાક ૧૯/૪૫ વાગ્યે ભેસાણ છોડવડી રોડ ઉપર જાહેરમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં જાહેરમાં મળી આવી,ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી)ના ગુનાના કામે અટક કરેલ અને જામીન મુકત કરેલ આરોપી સામે ફરિયાદી ની ફરિયાદને આધારે ગુનો રજીસ્ટર્ડ કરી ગુનાને લગત તપાસ કરી તેઓ સામે પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ છે.

**(૦૨)** આ કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી) મુજબ પોલીસ રીપોર્ટને આધારે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપી કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ આરોપી ને પોલીસ પેપર્સ ચાર્જશીટની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બદલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ – ૨૭૪ પ્રમાણે આરોપીને ગુનાનો સારાંશ સમજાવવામાં આવતા તેમણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજાવવામાં આવેલ છે તેમજ આરોપી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.તેમ છતા આરોપી તેઓનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે અને તેઓએ આપેલ કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકતો ને વળગી રહે છે.

**(૦૩)** આ કામે આરોપી સામે **આંક–૦૮** થી **પ્લી** લેવામાં આવતા તેઓએ ગુનો સ્વેચ્છાથી કબુલ કરેલ હોવાનું જણાવેલ છે. જે બાદ આરોપીએ **આંક–૦૯** થી તેઓ સામેના ગુનાનો આક્ષેપ કબુલ કરતા હોવા બાબતે **પુરસીસ** આપેલ. આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજાવવામાં આવેલ છે તેમજ આરોપી ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને તેઓએ આપેલ પુરસીસમાં જણાવેલ હકીકતો ને વળગી રહે છે.આરોપીને સજા અંગે સમજાવવામાં આવેલ છે. તેમ છતાં આરોપી તેઓની સામેના ગુન્હાની કબુલાત કરી પુરસીસ રજુ કરી જણાવે છે કે આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ વર્ગના માણસ

હોઈ તેમજ કુટુંબ કબીલાવાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઈસમ હોય, દયા રાખી સજા કરવા અરજ કરેલ છે. આરોપી ગરીબ વર્ગના છે અને તેવી સ્થિતીમાં આ ગુનો થઈ ગયેલ છે. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે કેફીપીણુ પીધેલી હાલતમાં મળી આવ્યાનો આક્ષેપ છે. તથા આરોપીની આર્થિક પરીસ્થિતી સારી ન હોય, જે તમામ હકીકતો ધ્યાને લઈ, આ પ્રથમ ગુનો હોઈ, તેમની ભુલ સુધારવા માંગતા હોય અને જો સજામાં જેલ મોકલવામાં આવે તો તેમના કુટુબંનો ભરણપોષણ કરનાર કોઈ ના હોય કુટુંબના ઘરના લોકોને ભુખે રહેવુ પડે તેમ હોય જેથી ગુનાનો પસ્તાવો કરી  આ પ્રથમ ભુલ માફ કરી ઓછી દંડની સજા કરી  રહેમ રાખવા અરજ કરેલ છે.

(૦૪)	આરોપી જયારે તેઓ સામેનો આક્ષેપ સ્વેચ્છાએ કબુલ કરે છે, ત્યારે તમામ રેર્કડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આરોપી સામે વગર પાસ–પરમિટે કેફી પીણુ પીધેલ હાલતમા  મળી આવેલ હોવાનો આક્ષેપ છે. આ ગુના ની ટ્રાયલ માટે હાલના કામના સરકારી અમલદાર મુળ ફરીયાદી,સરકારી અમલદાર સાહેદ, પંચો,ડોકટર સાહેદ, તપાસનિશ અધિકારી ને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેર્કડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીગ કેસની સંખ્યા સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણલક્ષમાં લેતા ટુકા સમયમાં હાલના  ગુનાની ટ્રાયલ  ચલાવીને  પુરી કરવી  સંભવી  શકે નહી. તેમજ ટ્રાયલમાં ફરીયાદ પક્ષના વકીલશ્રીનો સમય,સરકારી સાહેદોનો સમય, તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી તકસીરવાન ઠરે ત્યારે સજા વખતે પણ આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ આરોપીની સ્થિતી ધ્યાને અવશ્ય લેવામાં આવે અને તેના બદલે હાલના

તબકકે આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને શરુઆતમાં ગુનો કબુલ કરે છે.ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેર્કડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતીઓને ઘ્યાને લઈ તથા **નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં .૭૦૯** ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદો વંચાણે લીઘો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ઘ્યાને લીઘા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાં ના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિઘ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતીનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારૂં માનવું છે.આરોપીનો આ પ્રથમ વારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે.આરોપીને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે.આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ઘ્યાને લઈ આરોપી ને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતા આરોપીને ન્યુનતમ કરતાં ઓછી સજા કરવાથી ન્યાય નો હેતુ જળવાશે તેમ આ અદાલતનું નમ પણે માનવું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

ક્રિ. કે. નં.૮૦/૨૦૨૬.

## -: હુકમ:-

(૧) સદર કામના આરોપી હુશેન કાળુભાઈ પબડા,ઉ.વ. ૪૦,ધંધો-મજુરી,રહે.ભેસાણ,જીન પ્લોટ ,તા.ભેસાણ,જી.જુનાગઢવાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ - ૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા રૂપીયા ૧૦૦/-(અંકે રૂપીયા સો પુરા)** ના દંડની સજા ફરમાવવામાં આવે છે. જો દંડ ના ભરે તો દીન-૦૫ ની સાદી કેદનો સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૪૦૪ મુજબ જજમેન્ટની નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૩) સદર કામે આરોપી જેટલા દિવસ જેલમાં રહેલ હોય તેટલી ભોગવેલ સજા આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૪૬૮ અન્વયે મજરે આપવી.

હુકમ આજરોજ તા.૧૭મી,માહે-જુન,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૭/૦૬/ ૨૦૨૬
સ્થળ: ભેસાણ.

( ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા)
જજ કોડ-જી.જે.૦૧૬૨૬
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ
ભેસાણ.